# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2024** **Morning : 7.10 to 7.20**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- રાજ્યમાં મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા 40 જેટલી એલ.ઈ.ડી. વાન શરૂ કરવામાં આવી.
- રાજ્યભરમાં લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાને રાખી ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.
- એક મહિના સુધી ચાલનારી પંચકોષી નર્મદા પરિક્રમા આજથી શરૂ થશે.
- ભાવનગર જીલ્લા જેલની દિવાલ પાસેથી નશાકારક પદાર્થો મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી
- રાજયમાં આગામી બે દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની સંભાવના
- આઈપીએલમાં લખનઉ સુપર જાયન્ટસે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ESS- GUJ. LED VAN

રાજ્યમાં લોકસભાની સામાન્ય અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીઓમાં મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા 40 જેટલી એલઈડી વાન શરૂ કરવામાં આવેલી છે.

નાગરિકોમાં જાગૃતિ કેળવવા, ઇવીએમના લાઇવ ડેમોસ્ટ્રેશન અને ઓડિઓ-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ આ 40 એલઇડી વાન દ્વારા વિવિધ જીલ્લાની દૂધમંડળી અને ગામના ચોરા જેવા ગ્રામ્ય વિસ્તારો તથા કોલેજ, યુનિવર્સીટી કેમ્પસ, જીઆઇડીસી વિસ્તાર અને બગીચા જેવા વિસ્તારોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, રાજ્યના તમામ મતક્ષેત્રમાં નિશ્ચિત રૂટ પર આ એલઇડી વાન સાથે ચૂંટણી કર્મચારીઓ દ્વારા ચૂંટણીલક્ષી માહિતી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ મોબાઇલ એપ્સ તથા ઇવીએમ અને વીવીપેટ દ્વારા મતદાનની પ્રક્રિયાના લાઇવ ડેમોસ્ટ્રેશન સહિતની વિવિધ માહિતીથી મતદારોને અવગત કરાવવામાં આવી રહ્યા છે.

વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં 50 ટકાથી ઓછું મતદાન ધરાવતા તથા જ્યાં પુરુષો અને મહિલાઓના મતદાનનો તફાવત 10 ટકાથી વધુ હોય તેવા મતદાન મથકોમાં મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે અને સમગ્રતયા રાજ્યમાં મતદાનની ટકાવારી વધે તે માટે મતદાન જાગૃતિના ઓડિઓ- વિડીયો તથા હોર્ડિંગ્સનું નિદર્શન પણ આ એલઇડી વાન પર કરવામાં આવી રહ્યું છે.

---

-રીપીટ

# ECI-SOCIAL MEDIA

આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે.. ચૂંટણી પંચ ટર્નિંગ 18 અને યુ આર ધ વન જેવા અભિયાનોના માધ્યમથી ચૂંટણીપંચના લોકપ્રિય આઇકોન અને Z સામગ્રીનો ઉપયોગ કરીને અનુરૂપ સંદેશાઓ તૈયાર કરી રહ્યું છે.

ચૂંટણી પંચના ટર્નિંગ 18 અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા પ્રેરિત કરવાનો છે અને ગત ચૂંટણીઓમાં જોવા મળેલા શહેરી અને યુવા મતદારોની ઉદાસીનતાના નિર્ણાયક મુદ્દાઓને શોધવાનો છે.

બીજી તરફ, “તમે એક છો” અભિયાનનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વિવિધ લોકોના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે અને તેની ઉજવણી કરવાનો છે. ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ પર ખોટા સમાચારો અને ખોટી માહિતીને રોકવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરી છે.

તાજેતરમાં ચૂંટણીપંચ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એકસ અને યુટ્યૂબ જેવા મુખ્ય સોશિયલ પ્લેટફોર્મ ઉપર સક્રિય બનીને યુવા મતદારોને જાગૃત કરી રહ્યું છે.

------------------------------------------------------------------

-રીપીટ

# Electoral system

લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાને રાખી રાજ્યભરમાં ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જે અંતર્ગત વડોદરામાં મતદાન પ્રક્રિયામાં મહિલા મતદારની ભાગીદારી વધે તે માટે જિલ્લામાં ટર્નઆઉટ ઈમ્પ્લીમેન્ટેશન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આજથી ત્રણ દિવસ સુધી વડોદરા ગ્રામ્યના પાંચ વિધાનસભા મતવિસ્તારમાં પાંચ ટીમ દરરોજ બે ગામની મુલાકાત લઈ ૩૦ ગામોમાં મહિલાઓમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવશે.

પાટણમાં પણ વધુમાં વધુ મતદારો મતદાન કરે, મતદાનની ટકાવારી વધે તે માટે જિલ્લા તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત મતદારોમાં મતદાન બાબતે જાગૃતિ ફેલાઈ તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લા સંકલિત બાળ વિકાસ વિભાગની બહેનો દ્વારા પણ મતદાન જાગૃતિ માટે શેરી નાટકો થકી જાગૃતિ લાવવા પ્રયત્ન હાથ ધરવામાં આવી રહ્યા છે.

તો બીજી તરફ પોરબંદરમાં લોકસભા ચૂંટણીને લઈને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર કે.ડી. લાખાણીના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર દ્વારા તમામ અધિકારીઓને રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ચૂંટણી ખર્ચ પર નજર રાખવા જણાવાયું હતું.

અમરેલી જિલ્લામાં મતદારોને મતદાનના મહત્વ વિશે સમજ આપવા અને મતદાનના શપથ લેવા માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ખાસ કરીને ચુનાવ પાઠશાળા થકી યુવાનોને લોકશાહીના પર્વમાં સામેલ થવા આહ્વાન કરવામાં આવ્યું છે. છે. ટી.આઈ.પી. અંતર્ગત બગસરા શહેરી વિસ્તારની મહિલાઓએ મતદાન માટે શપથ લઇ સિગ્નેચર અભિયાનમાં જોડાયા હતા. ખાંભા આઈટીઆઈના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃત્તિ યુવા સેમિનારમાં જોડાઇ મતદાનના મહત્વ વિશે સમજ મેળવી હતી. સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં યુવા મતદારોએ મતદાર જાગૃત્તિ અભિયાન અંતર્ગત યુથ ફેસ્ટિવલમાં ભાગ લઈ મતદાનનું મહત્વ સમજ્યુ હતું.

---

-પીટીસી, વડોદરા, પાટણ, પોરબંદર, અમરેલી, માહિતી, રિદ્ધિ -(નવીન)

# BJP election campaign

આગામી લોકસભાની ચૂંટણીને લઈ ભારતીય જનતા પક્ષ દ્વારા પ્રચાર પસાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે આગામી 28મી એપ્રિલના રોજ ગાંધીનગર ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા મહાસભાનું આયોજન કરવામા આવેલ છે જેના ભાગ રૂપે બોટાદમાં નરેન્દ્ર મોદી વિચાર મંચની બેઠક યોજાઇ હતી.

અમારા બોટાદ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જેમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ આઇ ટી સેલનાં પ્રદેશ અધ્યક્ષ હિતેશ ગિરિ ગોસ્વામી, મહામંત્રી દેવેન્દ્રસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને જેમના દ્વારા કાર્યક્રમમાં હાજર તમામ આગેવાનો અને કાર્યકરોને આ અંગે માહિતી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------

-પીટીસી, બોટાદ, રિદ્ધિ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

......................................

# NARMADA- PANCHKOSHI PARIKRAMA

એક મહિના સુધી ચાલનારી પંચકોશી નર્મદા પરિક્રમા આજથી શરૂ થશે.

નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રધ્ધાળુઓને કોઇ મુશ્કેલી ન પડે તે માટે જીલ્લા વહીવટીતંત્રે પૂરતી વ્યવસ્થા કરી છે. પરિક્રમા શરૂ થયાના પૂર્વે નર્મદા જીલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ સ્થળ પર જઇને રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ શ્રધ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

કલેક્ટરે નાવડી સંચાલકો અને શ્રધ્ધાળુઓ માટે સુવિધાની કામગીરી કરી રહેલી એજન્સીઓના પ્રતિનિધીઓ સાથે જરૂરી ચર્ચા કરી સૂચનાઓ આપી હતી.

જીલ્લા કલેક્ટરે પરિક્રમામાં આવતા શ્રધ્ધાળુઓને અપીલ કરી છે કે, આજથી શરૂ થનારી પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં શરૂ કરે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ કરે તથા ભાવિકો પણ વહીવટીતંત્રને પૂરતો સહયોગ આપે.

-----------------------------------------------------------------------

-રીપીટ

# Chaitra Navratri

ચૈત્ર નવરાત્રીનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. જે અંતર્ગત પાવાગઢ શક્તિપીઠ ખાતે ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે તે માટે યાત્રાળુઓને આવવા- જવા માટે વન વે પથ તૈયાર કરાયો છે. તળેથીથી માચી સુધી ખાનગી વાહનો લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નવેનવ દિવસ પાવાગઢ શક્તદિપીઠ ખાતે માતાજીના ચંડીપાઠ સાથે રોજ નિતનવા શણગારો થશે. આ સાથે 45 ટન સુખડિનો પ્રસાદ પણ બનાવવામાં આવશે. અને એ પ્રસાદ ભક્તોને આપવામાં આવશે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, રિદ્ધી -(નવીન)

# SURYGRAHAN

ચૈત્રી નવરાત્રી ના એક દિવસ પહેલા આજે વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ થવા જઇ રહ્યું છે. ભારતીય સમય અનુસાર આ ગ્રહણ રાત્રે 9 વાગીને 12 મિનિટે શરુ થશે અને 9 એપ્રિલ ની વહેલી સવારે 2 વાગેને 22 મિનિટ સુધી રહેશે.

આ ગ્રહણ ભારતમાં ન દેખાવાના કારણે સૂતક કાળ માન્ય રહેશે નહિ તેમજ રાજ્યના યાત્રાધામ અંબાજી સહિતના મંદિરોની પૂજા અર્ચના સહીત કોઈપણ ધાર્મિક વિધિ ઉપર તેની કોઈ જ અસર થશે નહિ. અંબાજી મંદિર ના મુખ્ય ભટ્ટજી મહારાજે આ ગ્રહણને લઇને જણાવ્યું કે ગ્રહણ ભારત માં ન દેખાવાના કારણે અંબાજી મંદિરની દર્શન આરતી સહીતનો પૂજા પાઠ રાબેતા મુજબ જ રહેશે તથા મંદિર દર્શનાર્થીઓ માટે સમય અનુસાર ચાલુ રહેશે.

---

-ડીડી, કરણ -(નવીન)

# Bhavnagar intoxicants

ભાવનગર જિલ્લા જેલની દિવાલ પાસેથી નશાકારક પદાર્થો મળી આવતા પોલીસે આ પદાર્થો કબ્જે કરી આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે જિલ્લા જેલમાંથી તમાકુ સિગારેટ જેવા નશાકારક પદાર્થો ભરેલ બે કપડાંના મોજાના દડા મળી આવ્યા હતા.

આ અંગે સીસીટીવી કેમેરા ચકાસતા વહેલી પરોઢે એક બાઈક ચાલકની શંકાસ્પદ વર્તણૂંક કેદ થઈ છે, આથી જેલ સત્તાવાળાઓએ અજાણ્યા શખ્સ વિરુદ્ધ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તપાસ હાથ ધરી છે.

-----------------------------------------------------------------------

-પીટીસી, ભાવનગર, કરણ -(નવીન)

# WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની સંભાવના છે..

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજસ્થાનની આસપાસના વિસ્તારમાં સક્રિય થયેલા એન્ટ સાઇકલોનિક સરક્યુલેશનની અસરથી બે દિવસમાં ગરમીનો પારો ફરી 41 ડિગ્રીથી વધુ જવાની સંભાવના છે. છેલ્લા કેટલાક દિવસથી સવાર, સાંજ ઠંડા પવન અને વાદળ છાયા વાતાવરણને કારણે ગરમીનો પારો 37 થી 38 ડિગ્રી વચ્ચે રહ્યો હતો. પરંતુ બુધવારથી ગરમીમાં ક્રમશ વધારો થવાની શકયતા છે.

રવિવારે મહત્તમ તાપમાન 38.8 ડિગ્રી અને લધુત્તમ તાપમાન 23.8 ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ સહિકત રાજયના 10 શહેરોમાં ગરમીનો પારો 38 ડિગ્રીથી વધુ નોંધાયો હતો. ભૂજમાં સૌથી વધુ 29.5 ડિગ્રી ગરમી નોંધાઇ હતી.

હવામાન વિભાગે આગામી 10મી અને 11મી એપ્રિલે રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે.

10મી એપ્રિલે દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં જ્યારે 11મી એપ્રિલે સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે..

---

-IMD, રિદ્ધિ, નવીન

# REV.-NT.-IPL-CRICKET

IPL ક્રિકેટની લખનઉના અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમમાં ગઈકાલે રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે ગુજરાત ટાઇટન્સને 33 રનથી હરાવ્યું છે. 164 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાતની ટીમ 18.5 ઓવરમાં 130 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ગુજરાત ટાઇટન્સ માટે સાઇ સુદર્શને સૌથી વધુ 31 રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરતા લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 163 રન બનાવ્યા હતા.

લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી માર્કસ સ્ટોઇનિસે સૌથી વધુ 58 રન બનાવ્યા હતા. યશ ઠાકુરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.બીજી એક મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સને 29 રને હરાવ્યું છે. જીતવા માટે 235 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 205 રન બનાવ્યા હતા.

ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------

-પુલ, કરણ -(નવીન)